## સારાંશ

## ટોરેન્ટ પાવર લિમીટેડ જનરેશન અમદાવાદ પાવર પ્લાન્ટ

## કેસ નંબર ૧૯૨૫ / ૨૦૨૧

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ-જી (એપીપી)એ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

૧. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે એઆરઆરનું ટ્રુ અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા નુકશાનની વહેંચણી
૨. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆરનું નિર્ધારણ
૩. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિજદરનુ નિર્ધારણ

### નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ટ્રુ-અપ

૧.૨ માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે અમદાવાદમાં આવેલ વીજઉત્પાદન મથક (જે હવેથી ટીપીએલ-જી(એપીપી) તરીકે ઓળખાશે) ના એઆરઆરની મંજુરી ૨૪ મી એપ્રિલ ૨૦૧૯ ના (કેસ નંબર ૧૭૬૩/૨૦૧૮) એમટીઆર ઓર્ડર દ્વારા આપી છે. જે નાણાકિય વર્ષ ૨૦૧૯-૨૦ ના અનુમાનો પર આધારીત હતા. એઆરઆરની મંજૂરી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારીત હતી.

૧.૩ ટ્રુ અપ માટે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ નીં જોગવાઇઓ મુજબ ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશનના ૨૪ મી એપ્રિલ ૨૦૧૯ ના (કેસ નંબર ૧૭૬૩/૨૦૧૮) એમટીઆર ઓર્ડરના આધારે અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-જી(એપીપી)એ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધા છે:

૧. બળતણની કિંમત અને કામકાજના માપદંડ જેવા કે પીએલએફ, એસએચઆર, ઓકઝીલરી કન્ઝમ્પશન, સેકન્ડરી ફયુલ કન્ઝમ્પશનના સંદર્ભમાં વેરીયેબલ ખર્ચ માં થયેલ બદલાવ.
૨. ફીકસડ ખર્ચા જેવા કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, ઘસારો, ઇકવીટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન-ટેરીફ આવકમાં થતો બદલાવ.
૩. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા/નુકશાનની વહેંચણી.

૧.૫ ટીપીએલ-જી(એપીપી)એ ૭૨.૯૦% ના સરેરાશ પીએલએફ પર વીજ ઉત્પાદન કરેલ છે. ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશન દ્વારા મંજુર કરેલા કાર્યક્ષમતાના ઘટકો જાળવી રાખવા માટે ઉત્કૃષ્ટ પ્રયત્નો કરેલ છે. વેરીયેબલ ખર્ચમાં થયેલાં ફેરફાર મુખ્યત્વે બળતણની કીંમત, વપરાશ, મિશ્રણ અને કેલોરીફિક વેલ્યુમાં થયેલ ફેરફારને કારણે છે. તદ્ઉપરાંત, કાર્યક્ષમતાના માપદંડો જેવાકે સેકન્ડરી ફયુલ કન્ઝમ્પશન, ઓકઝીલરી કન્ઝમ્પશન અને સ્ટેશન હિટ રેટ જેવા નિયંત્રીત પરિબળોના ફેરફારના કારણે પણ છે.

૧.૬ ટીપીએલ-જી(એપીપી)એ નફા/નુકશાનની ગણતરી વાસ્તવમાં પ્રાપ્ત કરેલ કાર્યક્ષમતાના માપદંડો આધારે અને ત્યારબાદની નિપજને આધારે વહેંચણી કરી છે. ટીપીએલ-જી(એપીપી)ને રૂ. ૯૭.૧૮ કરોડનો નફો અનિયંત્રિત પરિબળોને કારણે અને રૂ. ૫૦.૧૩ કરોડનો નફો નિયંત્રત પરિબળોને કારણે થયેલ છે. જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર રૂ. (૧૧૩.૮૯) કરોડ ટેરીફ તરીકે પાસ કરવા સુચીત કરેલ છે. ટીપીએલ-જી(એપીપી)એ કામકાજના વાસ્તવિક માપદંડને અનુરૂપ વેરીયેબલ ખર્ચની ગણતરી, વાસ્તવિક ફિક્સ ખર્ચ અને નફા/નુકશાનના ખર્ચાની વહેંચણી માનનીય કમિશનને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ મુજબ ધ્યાને લેવા માટે વિનંતી કરે છે. ટીપીએલએ માનનીય કમીશનને ઉપરોક્ત ગણતરીના આધારે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ-અપની મંજુરી માટે વિનંતી કરેલ છે.

૧.૭ ટ્રુઇંગ-અપ કરેલ એઆરઆર નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાણાકિય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ-અપ કરેલ એઆરઆર**

| રૂ.કરોડમાં | | |
|---|---|---|
| એમટીઆર ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૧૧૨૬.૮૫ |
| અનિયંત્રીત પરિબળોને કારણે નફો/ (નુકશાન) | (બી) | ૯૭.૧૮ |
| નિયંત્રીત પરિબળોને કારણે નફો/ (નુકશાન) | (સી) | ૫૦.૧૩ |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/૩ સી) | (૧૧૩.૮૯) |
| ટ્રુ-અપ એઆરઆર | ઈ= એ+ડી | ૧૦૧૨.૯૭ |

૧.૮ ટીપીએલે માનનીય કમીશનને ઉપર દર્શાવેલ ગણતરી મુજબના એઆરઆરને મંજુર કરવા રજુઆત કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆર ઃ**

૧.૯ માનનીય કમિશને ૨૨ ડિસેમ્બર, ૨૦૨૦ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ અરજદારે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર ટીપીએલ-જી (એપીપી) માટે નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૧.૧૦ અંદાજીત એઆરઆરના અનુમાનો નીચે મુજબ છે

એ) કામકાજના માપદંડ જેવા કે, એસએચઆર, ઓકઝીલરી વપરાશ, એસએફસી, ટ્રાંઝિટ લોસ અને ઓ એન્ડ એમ ખર્ચ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ મુજબ લેવામાં આવે છે.

બી) બળતણ ખર્ચ અને કેલરીફિક વેલ્યુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના અંદાજ પ્રમાણે લીધેલ છે.

સી) પીએલએફ ટીપીએલ-ડી દ્વારા ટીપીએલ-જી (એપીપી) પાસેથી અંદાજિત વીજ ખરીદીના અનુમાનના આધારીત છે.

ડી) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ નો રૂ.૨૧.૩૧ કરોડનો મૂડી ખર્ચ સુરક્ષા અને સલામતી સહિતના રોજિંદા મૂડી ખર્ચ માટે અંદાજિત કરેલ છે.

ઇ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી જીઇઆરસી હમલ્ટીયર ટેરીફહ રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૧ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે નિર્ધારિત એઆરઆર નીચે કોષ્ટકમાં આપેલ છે

**કોષ્ટક ૨ઃ ટીપીએલ-જી(એપીપી) ના નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એઆરઆર**

| રૂ.કરોડમાં | નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ |
|---|---|
| વેરીયેબલ ખર્ચ | ૮૪૦.૮૫ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૨૦૦.૮૦ |
| પાણીના ખર્ચ | ૨૩.૯૧ |
| વ્યાજ ખર્ચ | |
| ખાર્યકારી મૂડી નો વ્યાજ ખર્ચ | ૧૪.૦૦ |
| ઘસારો | ૫૦.૦૭ |
| ઇકવીટી પર મળવાપાત્ર | ૬૦.૯૭ |

| રુ.કરોડમાં | નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ |
|---|---|
| વળતર | |
| આવકવેરો | ૨૩.૩૯ |
| ઓછું: બિન-ટેરિફ આવક | ૧૪.૩૧ |
| **એઆરઆર** | **૧૧૯૯.૬૮** |

દાદ ઃ

૧.૧૨ ટીપીએલ-જી(એપીપી)એ હાલની અરજી માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઇંગ-અપ અને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર નિર્ધારણ અને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે અમદાવાદના વીજ ઉત્પાદનના કારોબાર માટેના વીજ દર નિર્ધારણ માટે કરેલ છે.

૧.૧૩ હકીકતો અને સંજોગોને ધ્યાનમાં લઇને, ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમિશનને નીચે મુજબ અરજ કરે છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઇંગ અપ અને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર અને નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના વીજ દર નક્કી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુ-અપ એઆરઆરની અરજીમાં તારવેલ ચેન્જ ઇન લો સહીત મંજુરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટીપીએલ-જી(એપીપી) દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજુરી.

ડી) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆરને મંજૂરી

ઇ) અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલ અને માનનીય કમિશનમાં કરેલી અરજી/સમીક્ષાઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

એફ) ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જી) અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જરુરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

એચ) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશની વિનંતિ

આઇ) કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*